બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કરવામાં આવતી અનિયમિત નિમણૂંકોને નિયમિત કરવા અંગે માર્ગદર્શિક સિધ્ધાંતો નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૩૯૯-૨૭૯૯-ગ
સચિવાલય, ગાંધીનગર
તા. =-૧૨-૨૦૦૧
11 DEC 2001

વંચાણમાં લીધા :

(૧) શિક્ષણ વિભાગનો તા. ૬-૪-૮૯નો પત્ર ક્રઃબમશ-૧૩૮૭-ઇએમ-૧૫૭-૮૯-ગ
(૨) શિક્ષણ વિભાગનો તા. ૮-૭-૯૪નો ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૩૯૩-૪૦૨૯-ગ,
(૩) શિક્ષણ વિભાગનો તા. ૧૬-૧૦-૯૭નો પત્ર ક્ર- બમશ-૧૧૯૭-૧૫૪૯-ગ
(૪) કમિશ્નરશ્રી મ.ભ.યો. અને શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગરના તા. ૯-૧૧-૨૦૦૦ના પત્ર ક્રઃ ઉમબ-ઉમા-૨-૨૦૦૧-૧૪૪૮૫

ઠ રા વ

બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શાળા સંચાલકો ધ્વારા અનિયમિત રીતે કરાયેલી / કરવામાં આવતી નિમણૂંકોને પાછળથી નિયમિત કરવા માટે ઘણી બધી શાળાઓની રજૂઆતો આવેલ છે. અને તેને ધ્યાનમાં લઇને નિમણૂંકોને નિયમિત કરવા બાબતમાં એક સૂત્રતા જળવાઇ રહે તે માટે માર્ગદર્શક સિધ્ધાંતો નક્કી કરવાની બાબત કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતમાં પુખ્ત વિચારણાના અંતે રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સ્ટાફની કરાયેલી / કરવામાં આવતી અનિયમિત નિમણૂંકો નિયમિત કરવા નીચે મુજબના માર્ગદર્શક સિધ્ધાંતો અનુસરવાનું આથી સરકાર ઠરાવે છે.

(૧) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કરેલી નિમણૂકો માધ્યમિક શિક્ષણ ધારાની જોગવાઇઓ અનુસાર કે વખતોવખત તેમાં કરેલ સુધારાને અનુરુપ શૈક્ષણિક લાયકાતો અને અન્ય લાયકાતો ધરાવતા હોવા જોઇએ. તેમાં કોઇ છૂટછાટ મુકવામાં આવશે નહીં. પરંતુ પસંદગી સમિતિની રચનામાં છૂટછાટ આપવાની રહેશે.

(૨) સંસ્થા તરફથી નિમણૂંકો નિયમિત કરવા માટે જે દરખાસ્ત કરવામાં આવે તે નિમણૂંકો બે વર્ષથી વધુ જુની હોવી ... જોઇએ. એટલે કે બે વર્ષથી ઓછી નિમણૂંક હોય તેઓને છૂટા કરવાના રહેશે.

(૩) આવી નિમણૂકો નિયમિત કરતી વખતે જો અનામતનું પ્રમાણ જળવાયું ન હોય તો ભવિષ્યમાં થનાર ભરતીમાં તેનું પ્રમાણ જળવાય તે રીતે કાર્યવાહી કરવાની રહેશે. આ મુજબ અનામતની ભરતી પૂરી થયા બાદ જ સંસ્થાને અનામત જગ્યા સિવાયની જગ્યાસનું એન.ઓ.સી. આપી શકાશે. આમ કરવામાં સંસ્થા નિષ્ફળ જાય તો તેને ગ્રાન્ટ કાપ આપવામાં આવશે.

(૪) સંસ્થાએ જે અનિયમિત નિમણૂંક કરેલ છે તે વર્તમાનપત્રમાં જાહેરાત આપીને તથા મૂલ્યાંકન દ્વારા કરેલી હોવી જોઈએ.

(૫) સંસ્થાએ જેટલી સંખ્યામાં નિમણૂંકો નિયમિત કરવા માગણી કરી હોય તેટલી સંખ્યાના ફાજલ શિક્ષકો જો જે તે વિષયના ફાજલ શિક્ષકો ઉપલબ્ધ હોય તો તે લેવાના રહેશે. જો તે વિષયના ફાજલ શિક્ષકો ઉપલબ્ધ નહીં હોય તો જ તેઓને ખાલી જગ્યા ભરવા માટે એન.ઓ.સી. આપવામાં આવશે.

(૬) આવી અનિયમિત નિમણૂંકો જો તા. ૩૦-૬-૯૮ પછી થઇ હોય અથવા તેવી નિમણૂંક પછી ૩૬૫ દિવસની સેવા ન થઇ હોય તેવા કિસ્સાઓમાં કર્મચારીઓને ફાજલનું રક્ષણ મળી શકશે નહીં.

(૭) નિમણૂંકો નિયમિત થયા પછી સંસ્થાએ ભવિષ્યમાં ભરતી માટે ગ્રાન્ટ ઈન એઈડની જોગવાઈ પ્રમાણે ભરતી કરવાની રહેશે. અન્યથા શાળાની માન્યતા રદ કરવામાં આવશે.

(૮) આવી નિમણૂંકો નિયમિત કરવાથી મળવાપાત્ર થતાં પગાર ભથ્થાં સહિતની ગ્રાન્ટમાં ૧૦ ટકા ગ્રાન્ટ કાપ આપવાનો રહેશે.

(૯) આ નિયમો પૈકી જે કર્મચારીઓને બે વર્ષનો જે તે વિષયનો સવેતન અનુભવ હોય તેમને નિયમિત પગાર ધોરણમાં અને ભરતી સમયે બિન અનુભવી કર્મચારીઓને સહાયક તરીકે ફિકસ પગારમાં નિમણૂંક આપવાની રહેશે. ભવિષ્યમાં આ રેશીયો ૧:૩નો જળવાઈ તે રીતે ભરતી કરવાની રહેશે.

(૧૦) આ તમામ શરતો પરિપૂર્ણ થતી હોય તેવા કેસોમાં વિભાગ પોતાની કક્ષાએ મંજૂરીના હુકમો કરી શકશે

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૬-૧૧-૨૦૦૧ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી.કે.ભટ્ટ)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુ. રાજય , ગાંધીનગર
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત-અમદાવાદ- રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર, અમદાવાદ
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર-અમદાવાદ
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર-
- રજીસ્ટ્રારશ્રી માધ્યમિક શિક્ષણ પંચ, અમદાવાદ
- સબંધિત સરકાર માન્ય મંડળો, (કમિશ્નરશ્રી, શાળાઓ મારફત)
- સિલેકટ ફાઈલ-નાયબ સેકશન અધિકારી
- સિલેકટફાઈલ,ગ-શાખા